Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનન્દ પ્રકાશ.

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્ત્વ વિકાસ;
આત્માને આરામ દે, આત્માનન્દ પ્રકાશ.

પુસ્તક ૬ ઠું. વિક્રમ સંવત્ ૧૯૬૫. માગશર. અંક ૫ મો.

## महा मुनिराज श्री विजयानंदसूरिकी मीठी प्रसादी.

जिस प्राणीकुं आत्मबोध नही हुवा है सो प्राणी यद्यपि मनुष्य देहवाला है तोभी तिसकुं शास्त्रकार ज्ञानी पुरुषो तो शृंगपुच्छसें रहित पशुहीज कहेते है, क्युंके तिसकी आहार, निद्रा, भय, अरु मैथुन आदि क्रिया पशुतुल्यही होती है. जिस प्राणिकुं तत्त्ववृत्तिसें आत्मबोध होजाता है, तिस्सें सिद्धिगति अर्थात् मोक्षकी प्राप्ती दूर नही है. जब तलक आत्मबोध नही होता है तब तलक वो सांसारीक विषय सुखमें लीन रहेता है; जब सकल सुखका निधान रुप आत्मबोध होजावे तब प्राणि—सच्चिदानंद पूर्ण ब्रह्म स्वरुप—अनंत ज्ञान अनंत—दर्शन—अनंत सुख—अरु अनंत शक्तिमान् होजाता है, अरु मोक्ष मेहेलमें अतींद्रिय सुखका आस्वादन करता है.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વ્યાપાર વિષે પદ.

## ઓધવજી સંદેશો કહેજો શ્યામને-એ રાગ.

વ્યાપારી વ્યાપારે મનડું વાળજે,
કરજે ઉત્તમ સદ્ વસ્તુ વ્યાપાર જો;
કપટ કરીને છેતરજે સહુ કર્મને,
છેતરવા નહિ જીવોને તલભાર જો. વ્યાપારી૦
વિવેક દૃષ્ટિથી સહુ વસ્તુ દેખજો,
સુખકર સારી વસ્તુનો કર પ્યારજો;
દાન દયા સંયમ શીયલ ને સત્યતા,
સમતા આદિ વસ્તુનો સ્વીકાર જો. વ્યાપારી૦
સોદાગર સદ્ ગુરૂજી સાચા માનજે,
લોભાદિક ચોરોનો કરજે ખ્યાલ જો;
લાભ મળે તે સાચવજે ઉપયોગથી,
અન્તર દૃષ્ટિને કરજે રખવાળ જો. વ્યાપારી૦
સ્યાદ્વાદ દૃષ્ટિનાં કરજે ત્રાજવાં,
સહુન શીળતા કાતર સારી રાખ જો;
ગજ રાખો વ્યાપારી આતમ જ્ઞાનનો,
સ્થિરતા ગાદી બેસી સાચું ભાખ જો. વ્યાપારી૦
પ્રતિક્રમણના રોજ મેળથી દેખજે,
દીવસમાં શું મળીયો લાભાલાભ જો;
બાહ્ય લક્ષ્મીની ચંચળતાને વારજે,
જલનું બિન્દુ પડિયું જેવું ડાભ જો, વ્યાપારી૦
દુઃખને પણ સુખ માની હિમ્મત ધારજે,
પરપરિણુતિ વેશ્યાનો સંગ નિવાર જો;
ક્ષાયિક ભાવે દાનાદિક ગુણ લાભથી,
જન્મ જરાનાં દુઃખ નાસે નિરધાર જો. વ્યાપારી૦
માયાના વ્યાપારો ત્યાગી જ્ઞાનથી,
અન્તરના વ્યાપારે ધરજે ધ્યાન જો;
બુદ્ધિસાગર અનંત સુખડાં સંપજે,
આતમ ભાવે સિદ્ધ બુદ્ધ ભગવાનજો. વ્યાપારી૦

મુનિ બુદ્ધિસાગરજી કૃત
'પદસંગ્રહ' માંથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગૃહસ્થ ધર્મ.

અનુસંધાન ગત અંક ૪ પૃષ્ટ ૮૪ થી

अतिप्रकटातिगुप्तमस्थानमनुचितप्रातिवेश्यं चेति ॥

અર્થ: અતિ પ્રકટ, અતિગુપ્ત અને અનુચિત પાડોશવાળું ( ગૃહ બાંધવાનું ) સ્થાન-તે અસ્થાન કહેવાય.

વિવેચન: અતિપ્રકટ, એટલે જેની આજુબાજુએ બીજાં ઘર ન હોતાં ઉજડ જમીન હોય તેવા, સ્થાનમાં ઘર ન બાંધવું; કારણ કે આસપાસ બીજું ઘર ન હોવાથી એવું ઘર એકલું પડે, આવરણ રહિત થાય, એટલે ચોરાદિને નિઃશંકપણે ચોરી કરવાનું બની આવે. વળી અતિગુપ્તસ્થાન એટલે આસપાસ ચારે બાજુએથી બીજાં ઘરવડે ઢંકાઇ ગયલું સ્થાન-એવા સ્થાનને વિષે પણ ઘર ન બાંધવું કારણ કે, ગુપ્તસ્થાનમાં હોવાથી તે શોભતું નથી; એટલુંજ નહિં પણ અગ્નિ પ્રમુખનો ઉપદ્રવ થાય તો તેમાંથી નીકળવું મુશ્કેલ થઇ પડે છે. વળી અનુચિત પડોશી એટલે કોઇ પ્રકારનું વ્યસન સેવનાર પડોશી હોય તો તે ધર્મી પુરૂષોને અયોગ્ય છે, અને એવા પાડોશીવાળું સ્થાન અસ્થાન છે; માટે ત્યાં પણ ઘર બાંધવું; કારણ કે દોષ ગુણ સંસર્ગને લીધે છે; અને કુશીલ પાડોશી હોય તો તેની સાથે બોલવા-ચાલવા-આદિથી દોષ પ્રાપ્ત થાય છે અને તેથી સ્વતઃગુણિ એવા જીવને પણ ગુણની હાની થાય છે.

હવે સ્થાનને વિષે પણ ગૃહ બાંધવાની વિશેષ વિધિ કહે છે:—

लक्षणोपेतगृहवास इति ॥

અર્થ: (વાસ્તુશાસ્ત્રને વિષે કહેલાં ) (પ્રશસ્ત) લક્ષણો સહિત ગૃહ વસાવવું ( બંધાવવું )

વિવેચન: પ્રશસ્ત એટલે વાસ્તુશાસ્ત્રને વિષે કહેલું સ્વરૂપ જણાવનારાં લક્ષણો—તેણે કરીને યુક્ત. દુર્વાપ્રવાળ-કુશના થડ-સારાવર્ણ અને ગંધવાળી મૃત્તિકા-સુસ્વાદજળ-તથા દ્રવ્યનિધાન-ઈત્યાદિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્તુઓથી યુક્ત એવી પૃથ્વીને વિષે ગૃહ બાંધવું. વળી એજ શાસ્ત્રને વિષે કહેલાં ઘરના વેધ એટલે અપલક્ષણોથી રહિત ઘર બાંધવું કારણ કે શુભ લક્ષણોવાળાં ગૃહને વિષે રહેવાથી મનવાંછિત સિદ્ધ થાય છે; અને તેથી વિપરીત વર્તનથી વિભવાદિનો નાશ થાય છે.

વળી ગૃહના લક્ષણોનું નિઃસંશય જ્ઞાન કેવી રીતે થાય તે ઉપર કહે છેઃ—

**निमित्तपरीक्षेति ॥**

અર્થઃ નિમિત્ત શાસ્ત્રવડે પરીક્ષા કરવી.

વિવેચનઃ નિમિત્ત શાસ્ત્ર એટલે શકુન-સ્વપ્ન-ઉપશ્રુતિ (અણધાર્યો શબ્દ સાંભળવાથી કલ્પના કરવી તે) પ્રમુખ અતીન્દ્રિય અર્થના જ્ઞાનના હેતુ-એ હેતુઓ વડે પરીક્ષા કરવી.

**तथाऽनेक निर्गमादिवर्जनामिति ॥**

અર્થઃ વળી અનેક જવા આવવાના દ્વાર વિનાનું ઘર બાંધવું.

વિવેચનઃ પ્રવેશ-નિર્ગમના અનેક દ્વાર ન રાખવા, કારણ કે અનેક દ્વારને લીધે ગૃહની સમ્યક્ પ્રકારે રક્ષા થતી નથી; અને સ્ત્રીજન તથા વિભવઆદિનો નાશ થાય છે. વળી એ પરિમિત એટલે પરિમાણ વાળાં (બહુ થોડાં) હોય તો ઘર રક્ષા બહુ સારી રીતે થાય છે.

**तथा विभवाद्यनुरुपो वेषो विरुद्धत्यागेनेति ॥**

અર્થઃ વળી વિભવાદિને અનુરૂપ વેષ ધારણ કરવો; એથી વિરૂદ્ધનો ત્યાગ કરવો.

વિવેચનઃવિભવ એટલે વિત્ત-વય-અવસ્થા-નિવાસસ્થાન-ઇત્યાદિ; તેને અનુરૂપ, અર્થાત્ લોકને વિષે પરિહાસનું પાત્ર નથાય એવો, વેષ ધારણ કરવો. વળી પગની જંઘા અરધી ઉઘાડી રાખવી, માથે બાંધેલી પાઘડીનું છોગું રાખવું, અત્યન્ત સજ્જડ અંગરખું પહેરવું-ઇત્યાદિ વિરૂદ્ધ વેષનો પરિહાર કરવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तथा आयोचितो व्यय इति ॥

અર્થઃ તથા આવકને ઉચિત વ્યય કરવો.

વિવેચનઃ પોતાને ધન-ધાન્યાદિકની જેટલી આવક હોય તેના પ્રમાણમાં ખરચ કરવો; એટલે તેનો અમુક હિસ્સો પોતાના કુટુંબના ભરણ પોષણમાં વાપરવો. નીતિ શાસ્ત્ર કહે છે કે-પોતાની આવકનો એક ચતુર્થાંશ નિધિની પેઠે જૂદો રાખી મૂકવો; એક ચતુર્થાંશ વ્યાપારને વિષે રાખવો; એટલોજ ધર્મને વિષે વાપરવો; અને બાકીનો એક ચતુર્થાંશ પોતાના કુટુંબના પોષણને અર્થે વાપરવો. વળી જો આવકને અનુચિત ખરચ હોય તો તે, રોગ જેમ શરીરને ઓછું કરી નાંખે છે તેમ, દ્રવ્યને ઓછું કરી નાંખી અર્થાત્ પ્રાંતે નાશ કરી પુરૂષને વ્યવહારમાંથી કાઢી નાંખે છે; એટલે કે તે વ્યવહાર ચલાવવાને અસમર્થ થાય છે. માટે આવકને યોગ્ય ખરચ રાખવો એ ગૃહસ્થોનો સાધારણ ધર્મ છે.

तथा प्रसिद्धदेशाचारपालनम् ॥

અર્થઃ વળી પ્રસિદ્ધ એવો જે દેશાચાર તેનું પાલન કરવું (તે પાળવા)

વિવેચનઃ શિષ્ટ પુરૂષોને સંમત હોઇ ચિરકાળથી રૂઢ થઇગયેલો, સકળ મંડળના વ્યવહાર રૂપ-ભોજન-આચ્છાદન આદિ નાના પ્રકારના કાર્ય રૂપ-એવો જે દેશાચાર તેને પાળવો. તેનું ઉલ્લંઘન કરે તો, તે દેશના લોકો સાથે વિરોધ થવાનો અને તેથી પ્રાંતે અશુભ થવાનો સંભવ રહે છે માંટે દેશાચાર પાળવો. આના સંબંધમાં લોકોક્તિ પણ એવી છે કે यद्यपि सकलां योगी छिद्रां पश्यति मेदिनीम् । तथापि लौकिकाचारं मनसापि न लंघयेत् ॥ યોગીજનો સમસ્ત પૃથ્વીને છિદ્રવાળી જુએ, અર્થાત્ સમસ્ત પૃથ્વીના લોકોને દોષ યુક્ત સમજે તો પણ તેઓ મનથી પણ લોકાચારનું ઉલ્લંઘન કરતા નથી.

तथा गर्हितेषु गाढमप्रवृत्तिरिति ॥

અર્થઃ નિન્દાપાત્ર એવા આચારને વિષે લેશમાત્ર પણ પ્રવૃત્તિ ન કરવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિવેચનઃ આલોક તેમજ પરલોકને વિષે પણ જેનો આદર નથી નિન્દવા યોગ્ય, એવું જે મદ્ય-માંસ-પરસ્ત્રી-આદિનું-સેવન તે રૂપ પાપકાર્યોને વિષે લેશ પણ પ્રવૃત્તિ ન રાખવી. કારણ કે શુદ્ધ આચાર સામાન્ય કુળને વિષે જન્મેલા પુરૂષોનું પણ માહાત્મ્ય વધારે છે. કહ્યું છે કે **न कुलं वृत्तहीनस्य प्रमाणमिति मे मतिः अन्त्येष्वपि हि जातानां वृत्तमेव विशिष्यते॥** એટલે—સદાચાર રહિત એવા જે પુરૂષો—તેમનું કુળ મારે મન પ્રમાણરૂપ નથી; નીચ કુળને વિષે પણ ઉત્પન્ન થયેલા જનોનું વર્તન ( આચાર ) જ ચઢી જાય છે.

**तथा सर्वेष्ववर्णवादत्यागो विशेषतो राजादिष्विति ॥**

અર્થઃ વળી સર્વ પ્રાણીના અવર્ણવાદ ત્યજવા; અને રાજા પ્રમુખના ( અવર્ણવાદ ) તો વિશેષે કરીને ત્યજવા.

વિવેચનઃ સર્વ પ્રાણીઓના, એટલે કનિષ્ટ-મધ્યમ-અને ઉત્તમ-એ સર્વેના, અવર્ણવાદ એટલે દોષરૂપ અપવાદનું કહેવું-તેનો ત્યાગ કરવો. અર્થાત્ કોઇનું કંઇ પણ વિરૂદ્ધ બોલવું નહિ. વળી રાજાના અવર્ણવાદનો તો વિશેષપણે ત્યાગ કરવો એટલે તેમની વિરૂદ્ધના તેમના દોષરૂપી અપવાદ લેશમાત્ર પણ ઉચ્ચારવા નહીં. કારણકે જેમ અપવાદ બોલવાથી સામાન્ય જન સાથે દ્વેષભાવ ઉત્પન્ન થાયછે, તો રાજાદિકથી તો મહા હાનિ થાય છે. ( વિત્ત-પ્રાણ આદિનો નાશ થાય છે. ) માટે કોઇના પણ અવર્ણવાદ ન બોલવા.

**तथा असदाचारैरसंसर्ग इति ॥**

અર્થઃ વળી અશુભ આચરણવાળા જનોનો સંસર્ગ ત્યજવો.

વિવેચનઃજુગારી પ્રમુખ,વ્યસની પુરૂષોનો દૂરથીજ ત્યાગ કરવો. અગ્નિ-મરકી-દુષ્કાળ આદિ ઉપદ્રવોથી. ઉપઘાત પામતા દેશાદિકનો ત્યાગ કરવો પડે છે તેમ તેમનો પણ ત્યાગ કરવો.

**संसर्गः सदाचारैरिति ॥**

**અર્થઃ સદાચરણી જનોની સાથે સંસર્ગ રાખવો.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિવેચનઃ અસદ્ આચરણવાળાઓની સંગતિ ત્યજીને પણ, શુભ આચરણવાળાઓ સંબંધ ન રાખે તો, કોઈ પ્રકારના સદ્-ગુણની વૃદ્ધિ ન થાય. ( માટેજ આ સૂત્ર કહેવું પડ્યું છે ).

**तथा मातापितृपूजेति ॥**

અર્થઃ વળી માત પિતાની પૂજા કરવી.

ભાવાર્થઃ તેમની પૂજા કરવી એટલે તેમને ત્રણે કાળ નમન કરવું. ત્રણે કાળે એટલે પ્રાતઃકાળે, મધ્યાન્હકાળે અને સાયંકાળે. કહ્યું છે કે માતા–પિતા–કળાચાર્ય–તેમની જ્ઞાતિ--વૃદ્ધ પુરૂષો–અને ધર્મોપદેશકો–એમને ગુરૂવર્ગ જાણવો; અને તેમનું, આવે ત્યારે ઉભા થવું–સામા જવું–આસન આપવું–સુખશાંતિ પુછવી–ઇત્યાદિથી, સન્માન કરવું.

**आमुष्मिकयोगकारणं तदनुज्ञया प्रवृत्तिः प्रधानाभिनवोपयनं तद्भोगे भोगोऽन्यत्र तदनुचिदादिति ॥**

અર્થઃ ( માત પિતાને ) પરલોક સંબંધી (ધર્મ) વ્યાપારને વિષે પ્રેરવા, તેમની અનુજ્ઞાને અનુસરીને પ્રવર્તન કરવું, સાર યુક્ત અભિનવ વસ્તુઓ તેમને લાવીને આપવી, તેઓએ ભોજનાદિ લીધા પછી આપણે લેવું, તેમને ( કોઈવસ્તુ ) અનુચિત હોય તો આપણે તેમના શિવાય તેનો ઉપભોગ કરવો હોય તો કરવો.

વિવેચનઃ પરલોક સંબંધી ધર્મવ્યાપાર એટલે દેવપૂજા, પ્રતિક્રમણ, પૌષધપ્રમુખ ધર્મકાર્યો.

**तथा अनुद्वेजनीया प्रवृत्तिरिति ॥**

અર્થઃ વળી કોઇને પણ ઉદ્વેગ ન થાય એવી પ્રવૃત્તિ કરવી.

વિવેચનઃ મન વચન અને કાયાથી પણ કોઇને દુઃખ લગાડવું નહિ. કારણકે કોઇને ઉદ્વેગ કરનાર પુરૂષને કયાંઈ પણ ચેન પડતું નથી. અથવા તો જેવી પ્રવૃત્તિ તેવુંજ ફળ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तथा भर्तव्यभरणामिति ॥

અર્થ: તથા જેઓ ભરણ પોષણ કરવા યોગ્ય છે તેમનું ભરણ પોષણ કરવું.

વિવેચન: માતપિતા,આશ્રિત સ્વજનો તથા સેવકજન આદિનું ભરણ પોષણ કરવું; તેમાં માતપિતા, સતી ભાર્યા, અને શક્તિ રહિત એવાં બાળકજન-તેમનું તો અવશ્ય ભરણ પોષણ કરવું. જો વધારે શક્તિ હોયતો દરિદ્ર મિત્ર, પ્રજાવિનાની બ્હેન, વયો વૃદ્ધ પુરૂષ તથા નિર્ધન થઇ ગયેલ કુલીન માણસ, એ ચારનું પણ પોષણ કરવું.

तथा यथोचितं विनियोग इति ॥

અર્થ: વળી ( ઉપર કહેલા ભરણ પોષણ કરવા યોગ્ય જનો નો ) યથોચિત વિનિયોગ કરવો.

વિવેચન: જેમને જે કાર્યને વિષે જોડવાં યોગ્ય લાગે તેમને તે કાર્યને વિષે જોડવાં તેમને યોગ્ય કામકાજ સોંપવા. કારણ કે જો તેઓ કંઇ કામ વિના નવરા બેસી રહે તો, તેમને વિનોદ મળે નહિં એટલે તેઓ વ્યસન પ્રમુખ સેવવા માંડે એટલે તેમની શક્તિ વૃથા ક્ષીણ થાય અને તેઓ નીરૂપયોગી થાય. એટલે પછી તેમના પર અનુગ્રહ કરેલો તે અનુગ્રહ કર્યો ન કહેવાય પણ વિનાશ કર્યો કહેવાય. માટે એમને ઉચિત એવાં કાર્યોને વિષે જોડવાં.

तथा तत्प्रयोजनेषु बद्धलक्षतेति ॥

અર્થ: વળી તે પોષ્ય વર્ગના પ્રયોજનોને વિષે બદ્ધલક્ષતા રાખવી.

વિવેચન: એ ભરણ પોષણ કરવા યોગ્ય એવા જે માણસો-તેમને ધર્મ-અર્થ-કામ સંબંધી જે પ્રયોજનો અથવા કાર્યો કરવામાં જોડ્યાં હોય તે કાર્યો તેઓ કરે છે કે નહિં, એ બાબતને વિષે બદ્ધલક્ષતા રાખવી એટલે ચિત્ત ઉપયુક્ત રાખવું ( ચિત્તનો ઉપયોગ દેવો ). કારણ કે પોષક પુરૂષ ધ્યાન રાખે તો પોષ્યવર્ગ તે તે કાર્યો મન દઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને કરે છે, અને ધ્યાન ન રાખે તો તેઓ બેસી રહે છે, અને પાછે તે કાર્યો કરવા અસમર્થ થાય છે.

**तथा अपायपारिरक्षोद्योग इति ॥**

અર્થ: વળી તે પોષ્યવર્ગની સર્વથા રક્ષા કરવાનો ઉદ્યોગ કરવો.

વિવેચન: એ આશ્રિતજનોની, આ લોક પરલોક સંબંધી અનર્થોથી, સર્વ પ્રકારે રક્ષા કરવી. કારણ કે પોષક પુરૂષ સ્વામી કહેવાય, અને સ્વામીએ તો પોતાના જનોનું યોગ તેમજ ક્ષેમ કરવું જોઇએ; એમ શાસ્ત્રમાં કહ્યું છે. ( વસ્તુ ન હોય તે આપવી એ યોગ; વસ્તુ હોય તેની રક્ષા કરવી એ ક્ષેમ. )

**तथा गर्ह्ये ज्ञानस्वगौरवरक्षे इति ॥**

અર્થ: વળી ( એ વર્ગ ) નિન્દા કરવા યોગ્ય થયે છતે, તે તે વસ્તુના યથાર્થ સ્વરૂપનો નિશ્ચય કરવો, અને પોતાથી થતા તેના ગૌરવનું નિવારણ કરવું.

વિવેચન: એ લોકોએ, અથવા સાધારણ રીતે હરકોઇ અન્ય માણસે કંઇ નિન્દાપાત્ર કાર્ય કર્યું હોય તો, પ્રથમ સઘળી બીનાથી સારી રીતે માહિતગાર થવું; અને પછી પોતે તેનું ગૌરવ કરતા બંધ થવું. ( એટલે અનુમોદના રૂપ દોષના પરિહારને અર્થે, કોઇ પણ કાર્યમાં તેને અગ્રેસર કરવો નહીં. )

**तथा देवातिथिदीनप्रतिपत्तिरिति ॥**

અર્થ:વળી દેવતા-અતિથિ-અને-દીનજનની સેવા કરવી.

વિવેચન: દેવનું પુજન કરવું, અતિથિને અન્નપાન આપવું, અને દીનજનને દાન આપવું ઇત્યાદિ ઉપચાર ગૃહસ્થજને કરવા યોગ્ય છે.

**तदौचित्याबाधनमुत्तमनिदर्शनेनेति ॥**

અર્થ: ઉત્તમ પુરૂષના દ્રષ્ટાંતને અનુસરીને, તે દેવાદિકના ઊચિતપણાનું ઉલ્લંઘન ન કરવું.

ટીકા: તે દેવાદિકની ઉત્તમ-મધ્યમ-જઘન્યરૂપે જે સેવા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનું ઉલ્લંઘન ન કરવું; કારણ કે એમ કર્યાથી, સર્વ છતા ગુણ નષ્ટ થાય છે. ઉત્તમ પુરૂષના દષ્ટાંતનું કારણ એ કે એઓ ઉદાર ચિત્તવાળા હોય છે અને સ્વપ્નમાં પણ તેમની પ્રકૃતિ વિકૃતિ પામતી નથી. માટે દેવાદિકની નિત્ય સેવા કરવી ઉચિત છે; વિશેષપણે તો ભોજન પહેલાં.

**तथा सात्म्यतः कालभोजनमिति ॥**

અર્થઃ વળી પ્રકૃતિને અનુકુળ હોય એવું ભોજન લેવું, અને તે સમય થયે લેવું.

વિવેચનઃ પ્રકૃતિને અનુકુળ ભોજન લેવાનું કારણ એ કે જે અશન-પાન આદિ તે લે છે તે તેની પ્રકૃતિને અનુકુળ હોય તો જ તે સુખી થાય છે. સમય થયે ભોજન લેવું એટલે ક્ષુધા લાગે ત્યારે લેવું. ક્ષુધા ન હોય ને અમૃતનું ભોજન કરે તો પણ તે વિષ થાય છે. વળી ક્ષુધાનો સમય ઉલ્લંઘન પણ ન કરવો. કારણ કે એમ કરવાથી દેહ દુર્બળ થાય છે. માટે જે સમયે ક્ષુધા લાગે તેજ વખતે ભોજન કરવું; અને તે પણ પ્રકૃતિને અનુકુળ હોય તેનુંજ કરવું.

**तथा लौल्यत्याग इति ॥**

અર્થઃ વળી લોલુપીપણાનો ત્યાગ કરવો.

વિવેચનઃ વળી ઉપર કહ્યું તે ઉપરાંત વિશેષ એ ધ્યાનમાં રાખવાનું છે કે અતિ આકાંક્ષા કરીને અધિક આહાર ન કરવો. કારણ કે પરિમિત આહાર એજ બહુ આહાર છે; અને અધિક આહારથી તો, વમન, અતિ દસ્ત કે મૃત્યુ એ ત્રણમાંથી એક થયાવિના રહેતું નથી. એવી રીતે જમવું કે અવસરે પાછી ક્ષુધા લાગે, અને જઠરાગ્નિ મંદ ન પડી જાય. ભોજનના પ્રમાણ વિષે કંઇ સિદ્ધાન્ત નથી. જેવી જેની જઠરાગ્નિ તેના પ્રમાણમાં એ લેવાય છે. સુખેથી પાચન થાય તેટલું જમવું.

**तथा अजीर्णे अभोजनमिति ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ: વળી અજીર્ણ થયે છતે ન જમવું.

વિવેચન: પૂર્વે લીધેલો આહાર જીર્ણ ન થયો હોય, અર્થાત્ જર્યો ન હોય, પચ્યો ન હોય તો ભોજનનો સર્વથા ત્યાગ કરવો. કારણ કે પ્રથમનું ભોજન પચ્યા વિના નવો આહાર લેવો એ સર્વ રોગનું મૂળ છે.

तथा बलापाये प्रतिक्रियेति ॥

અર્થ: વળી બળનો નાશ થયે છતે પ્રતિક્રિયા કરવી.

વિવેચન: શરીરના સામર્થ્યની હાનિ થયે છતે તેનો ઉપાય કરવો. અત્યન્ત પરિશ્રમ પરિહરવો અને સ્નિગ્ધ તથા અલ્પ ભોજન લેવું ઇત્યાદિ. ઉપાય કરવાનું કારણ એકે બળ એજ જીવિતનું મૂળ છે માટે શરીરને વિષે, યોગ્ય સામર્થ્ય રાખીને, સર્વ કાર્યને વિષે યત્ન કરવો.

तथा अदेशकालचर्यापरिहार इति ॥

અર્થ: વળી અયોગ્ય દેશને વિષે તથા અયોગ્ય કાળને વિષે વિચરવું નહિ.

વિવેચન: અયોગ્ય દેશકાળ=ઉપદ્રવયુક્ત દેશકાળ. જે દેશને વિષે ચોરાદિનો ઉપદ્રવ હોય ત્યાં વિચરવું નહિ. વળી અયોગ્યકાળ એટલે દુષ્કાળ જ્યાં હોય ત્યાં વિચરવું નહિ.

तथा यथोचितलोकयात्रेति ॥

અર્થ: વળી યથોચિત લોક યાત્રા કરવી.

વિવેચન: જેમ જેને ઉચિત હોય તે પ્રમાણે, લોકોના ચિત્તને અનુસરવા રૂપ વ્યવહાર રાખવો. એવા વ્યવહારનો અતિક્રમ કર્યે છતે લોકના ચિત્ત વિરાધવાથી, તેમના ચિત્તને વિષે પોતાની અનાદેયતા એટલે અવગણના થાય છે. માટે જે લોકવિરૂદ્ધ હોય તેનો ત્યાગ કરવો.

तथा हीनेषु हीनक्रम इति ॥

અર્થ: વળી હીનને વિશે હીનક્રમ કરવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિવેચન: પોતાના કર્મ દોષથી, જાતિવિદ્યાદિગુણોએ હીન-એવા જે લોક તેમને વિષે લોકયાત્રાનું ઓછાપણું કરવું. અર્થાત્ હીન એવા પણ લોકો કાંઇક અનુવર્તનીય છે; અપેક્ષા રાખવા યોગ્ય છે; ઉવેખવા યોગ્ય નથી. કારણ કે તેઓ પણ હીનગુણપણાને લીધે પોતાના આત્માને તે પ્રકારની પ્રતિપત્તિને અયોગ્ય માનીને, ઉત્તમ લોકોની હરકોઇ અનુવૃત્તિથી પોતાને કૃતાર્થ માનતા છતા ચિત્તને વિષે ઉલ્લાસ પામે છે.

**तथा अतिसंगवर्जनमिति ॥**

અર્થ: વળી અતિશય પરિચય વર્જવો.

વિવેચન: કોઇની સાથે અતિશય પરિચય નજ રાખવો; કારણ કે એથી ગુણવાન્ પુરૂષોનો પણ અનાદર થાય છે.

**तथा वृत्तस्थज्ञानवृद्धसेवेति ॥**

અર્થ: વળી સદાચરણી અને જ્ઞાનવૃદ્ધ પુરૂષોની સેવા કરવી

વિવેચન: હેય અને ઉપાદેય વસ્તુવિભાગનો નિશ્ચય-તે જ્ઞાન. જેની સેવા કરીએ તેના ગુણ, સેવા કરનારને વિષે આવે; માટે આવા ઉત્તમ પુરૂષોની સેવા કરવી એમ કહ્યું છે.

**तथा परस्परानुपघातेनान्योन्यानुबद्धत्रिवर्गप्रतिपत्तिरिति ॥**

અર્થ: વળી પરસ્પર અનુબદ્ધ એવા ધર્મ-અર્થ-અને કામને અન્યોઅન્ય ઉપઘાત ન થાય તેવી રીતે, પ્રતિપાદન કરવા.

વિવેચન: ત્રિવર્ગ એટલે ધર્મ-અર્થ અને કામ. ઉત્તમ અને મોક્ષને આપનારો-તે ધર્મ; જેનાથી સર્વ પ્રયોજનની સિદ્ધિ થાય તે અર્થ; અને જેથકી, સર્વ ઇન્દ્રિઓને કલ્પિત રસથી વ્યાપ્ત-એવી પ્રીતિ મળે તે કામ. એ ત્રણેનું સેવન કરવું તેમાં પરસ્પર ઉપઘાત ન થવા દેવા; જેમકે ધર્મનો ઉપઘાત થાય તેવી રીતે અર્થને અને કામને ન સેવવા. કારણ કે ધર્મનો ઉપઘાત કરીને એળવેલું ધન તો બીજાઓ અનુભવે છે; અને પાપનું ભાજન પોતે થાયછે. એવા અધર્મીનું ભવિષ્યમાં પણ કંઈ કલ્યાણ થતું નથી. વળી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થને તથા કામને પડતા મુકીને એકલા ધર્મની પણ ઉપાસના ન કરવી, કારણકે એ તો યતિનોજ ધર્મ છે; ગૃહસ્થનો નહિં. ગૃહને વિષે રહેનારને તો અર્થ-કામનું પણ આરાધન કરવું જોઇએ; કારણકે એ વિના ધર્મ સમ્યક પ્રકારે આરાધી શકાતો નથી,

અપૂર્ણ.

# આપણો વર્તમાન ઈતિહાસ અને ઉદય વિચાર.

## ઉદય વિચાર.

અનુસંધાન ગત અંક ૪ પૃષ્ટ ૯૨ થી.

**દ્રવ્યાધિકારી સલાહકાર મંડળ—**

કોન્ફરન્સના કાર્યમાં ફતેહની પુરવણી કરવાનું કામ દ્રવ્યાધિકારી મંડળે પોતે કર્તવ્ય રૂપેજ કરવું. દરેક જીલ્લા, પ્રાન્ત, શહેર અને ગામડાના દરેક કત્તા (શાખા ધર્મ-ભાગ વિભાગ) વાર બબે શ્રીમાન આગેવાનોના સમુહને એકત્ર કરી તે માંહે અમલદાર અને ગ્રાજ્યુએટ વર્ગના અવાજ સારૂ થોડી એક જગ્યા રહેવા દેવી. દરેક સ્થળના કત્તા વાર આગેવાનોને માથે થોડી થોડી જવાબદારીનું કર્તવ્ય કર્મ-બોજો મુકીને કાર્ય વિશેષ મતાનુસારે શરૂ કરવું. સૌથી પ્રથમ આપણા મુખ્ય સાતે ખાતાઓની ભિન્ન ભિન્ન સ્થળે વેરાએલી સઘળી રકમો એકઠી કરી સંભાળી નોંધી જાહેર કરી લોક મત માગી તે દ્રવ્યનો સદુપયોગ કરવા સારૂ સરળતા થાય તે માટે, તરતજ એક પંથને દો કાજ બને એવા હેતુએ એક 'જૈન બેન્ક' સ્થાપવાનું મહાભારત મહાપુણ્યનું અને મહા મહોદયનું શુભ કાર્ય કરવાથી આ સત્તાનું બળ જામશે તે કાર્ય કરવું. આ ઉપરાન્ત દરેક પ્રકારના ફંડનો હવાલો આ બેન્કનેજ સોંપવો. દ્રવ્યાધિકારી સલાહકાર બેન્કના આગેવાનોએ પ્રજાના સામાન્ય લાભનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ધર્મના કાર્યભારનું સર્વ દ્રવ્ય આ મંડળની સત્તા નીચે અહીં આ બેન્કમાં એકઠું કરી કરાવીને તે પછી જાહેર રીતે તેનો સદ્વ્યય કર્યે જવો, દરેક વ્યકિતએ બહોળે ભાગે દ્રવ્ય વ્યયના સદ્માર્ગ માટે આ બેન્કને ધરની-ગણવી; અને તે માર્ગે-જ પોતાનો લાભ સચવાય એવું કરવું—કરાવવું. ધર્મના અને જાહેર હીતના દરેક કાર્યો આ બેન્ક માર્ગે. મંડળની સત્તા નીચે કોન્ફરન્સની સલાહ સૂચના પ્રમાણે કરવા, અને કોઇ ઇચ્છે-માગે યા કહે તો તેને તેના દ્રવ્યવ્યયની ગોઠવણ કરી આપવાની સગવડ રાખવી. સામાન્ય હિતના દ્રવ્ય ફંડનો હવાલો જાહેર થયા પછી તે ફંડનું દ્રવ્ય ખાનગી આસામીના કબજામાં રહેતો તેને અપ્રમાણિક તથા અયોગ્ય ફંડ ઠરાવવું, કારણ કે તેમ કરનારને ફંડનું વા દ્રવ્ય રકમનું નામ પોકારી-પોકરાવી જાહેર કરી ખ્યાતી કીર્ત્તીનો લાભ લેવા શિવાય અન્ય શુભ આકાંક્ષા પ્રસિદ્ધ થતી નથી-જણાતી નથી; સ્વેચ્છાએ વ્યય કરવા જતાં કલ્યાણને બદલે અહિતનો પણ સંભવ છે. આ રીતે સર્વ જાહેર ધર્મ સ્થાનનું અને જાહેર હીતનું સામાન્ય દ્રવ્ય કોષાધિકારી સલાહકાર મંડળે એક સત્તા નીચે લાવવા માટે ઘણી અડચણ પડશે, અને તેમ કરવામાં ઘણા વર્ષો પણ કદાચ વીતી જશે; તોપણ જ્યારે તે સંપૂર્ણ દ્રવ્ય એક સત્તા નીચે આવી જશે ત્યારેજ તેની સગવડો તેમજ અગવડો ધ્યાનમાં આવતી જશે. જે જે સ્થળના જે જે ખાતાનું દ્રવ્ય એકઠું થાય તે તે સ્થળે તે તે ખાતાના ખર્ચના પ્રમાણમાં અમુક વાર્ષીક રકમ ઉપયોગ અર્થે આપ્યે જવી અને તે દ્રવ્યવ્યયનો રીપોર્ટ દર વર્ષે માગ્યે જવો, તથા તે સાથેજ અન્ય આવકનો હિસાબ પણ દરવર્ષે માગી લેવો. આ ઉપરથી જે જે સ્થળે વિશેષ આવક હશે તેવે સ્થળે ખર્ચ પુરતું આપી વધારાની આવકમાંથી અન્ય જે જે જગ્યે નિરાધાર ખાતા હોય તે તે જગ્યે તે તે ખાતામાં અમુક ખર્ચ જોગી વ્યાજબી રકમ આપી તે તે ખાતાઓ તે તે સ્થળમાં નીભાવી શકાશે. ધ્યાનમાં રાખવાનું એ કે દરેક સ્થળના દરેક ખાતાવાર આવક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાવકના હીસાબ સહિત વિગતે રીપોર્ટ તો માગ્યેજ જવા, અને ઉપજના પ્રમાણમાં ચોક્કસ રકમના હવાલા તેઓના કબજામાં રહેવા દેવા. રીપોર્ટ પુરા ન પાડી શકે તે જગ્યાઓના વહિવટ કર્તાઓને નાલાયક તથા અવિશ્વાસપાત્ર ઠરાવવા. વળી આ બેન્કના સ્થળેથી પણ તમામ ખાતાવાર આવક જાવકના હિસાબનાં રોજવ્યય અને દરેક ગામના દરેક ખાતાના જમે ઉધાર સહિત વાર્ષીક રીપોર્ટ બહાર પડવો જોઇએ. આ ઉપરાંત નવા ફંડ ઉભા કરનારાઓએ આ દ્રવ્યાધિકારી મંડળ પાસેથી એક સર્ટીફીકેટ-ખાત્રીપત્ર મેળવવું અને તે ખાત્રી પત્ર સિવાય હરકોઇ ફંડમાં કોઇ પણ શખ્સે એક રાતી પાઇ કે ફુટી બદામ પણ ન આપવી. ખાત્રીપત્રનો હેતુ એજ કે મૂળ-મુખ્ય મંડળને તે ફંડનો રીપોર્ટ જાહેર કરવો જોઇએ.

**દ્રવ્યાધિકારી મંડળનો કાર્યક્રમ—**

જે જે કાર્યો કોન્ફરન્સ મંડળે વચન રૂપે બહાર પાડી સુચવ્યા હોય તે તે કાર્યોને મદદ રૂપ પ્રત્યક્ષ કરવા માટે દ્રવ્યાધિકારી મંડળે તત્પર થવું,—એટલે કે નિરાધાર લોકોના ઉદ્યમ સારૂ સ્થાપિત ફંડોનો ઉપયોગ વિશેષ લાભદાયક થાય તે માટે નીચેની યોજનાઓ વિચારવા જેવી લાગે છે;—ઉદ્યોગ હુન્નરના નાના પ્રકારના હાથ પગના અને બને તો યાંત્રિકકળાના કારખાનાઓ ઉપરાન્ત ઘેરમાં રહીને કરી શકાય એવા ધંધાઓની નિરાધાર બાળક તથા સ્ત્રી વર્ગ વિશેષે કરીને વિધવા સ્ત્રીઓ માટે થઇ શકે તેવી પ્રથમ સગવડ કરવી. દેશને વિશેષ ઉપયોગી વસ્તુઓ બનાવવા માટે કારખાનાઓ ઉભા કરવા, તેમાં બાળક, સ્ત્રી અને પુરૂષ વર્ગને ક્રમવાર સ્થાન આપીને ગોઠવવા, તે કારખાનાઓમાં ઉત્પન્ન થતા માલની સ્વદેશી દુકાનો પણ જાતેજ ઉઘડાવવી; અને આ રીતે વગર નફે વેચાય ત્યાં સુધી પણ તે કારખાના અને દુકાનોને નામે તે નિરાધાર સમુહોને નભાવ્યા જવું. સ્ત્રીઓના ઘેર બેઠે થયેલા કામના નમુનાઓ ખરીદી લઇ તેમને તેજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતે પેટ પુરતુ ઉત્તેજન તો આપ્યેજ જવું; અને ઉદ્યમના સાહિત્યો તેવા નિરાધાર ( સ્ત્રી ) વર્ગને તેમને ઘેર બેઠાં ઉદ્યમ અર્થે મફત પહોંચાડતા જવું. તદન અશક્ત સ્ત્રી વર્ગને તેમની થોડામાં થોડી પહ્લાની રકમનું પેટ પુરતું વ્યાજ અને અમુક વયની વૃદ્ધ સ્ત્રીઓને તો આ પ્રકારના ઉદ્યમના ઉત્તેજન અર્થે, કામ કર્યા પછી અમુક વર્ષે, જીવન સુધીનું પેન્શન જેવું કંઇક આપવાની ગોઠવણ કરવી. આ પ્રકારના કારખાના અને સ્વદેશી સ્ટોર તથા ગૃહ ઉદ્યમની ગોઠવણથી નિભાવ કરવાના પ્રથમ કર્તવ્ય પછી ભવિષ્યની પ્રજા સારૂ ઐદ્યોગીક શાળાઓ ખોલવી, અને તે શાળામાં તેજ પ્રજાનું પ્રાથમિક શીક્ષણ પણ તેજ સાથે શરૂ થાય-રહે-કરાય તેવી ગોઠવણ રચવી કે જેથી ઉદ્યમ પ્રાપ્તિને માટે બહુ મોડું ન થાય કે ફગટ સમય ન ખોવો પડે.

શિક્ષણ ક્રમ,—

પાંચ વર્ષની ઉમ્મર સુધી વડિલ વાલી-માતપિતાના હાથ નીચે ઉછર્યા પછી સાત વર્ષની ઉમ્મર સુધી-એટલે કે બે વર્ષ લગી શારીરિક ખીલવણી સાથે ધર્મના સામાન્ય પાઠ માટેજ ફકત, તે બાળકો આ શાળામાં આવે, સાતથી દશ વર્ષની ઉમ્મર સુધી-ત્રણ વર્ષ લગી માતૃભાષા, ધર્મ-ભાષા અને રાજભાષા-એ ત્રણ ભાષાઓના વ્યવહારીક, નૈતિક, અને દેશ તથા ધંધાને ઉપયોગી જ્ઞાનની સગવડ રાખીને દશથી સોળ વર્ષની ઉમ્મર સુધી-છ વર્ષ લગી તે ત્રણે ભાષા જ્ઞાનના વિસ્તાર સાથે દરેક જણને અનુકુળ જુદા જુદા પ્રકારનું હુન્નર ઉદ્યોગનું પૂર્ણ જ્ઞાન આપવામાં આવે એવી ગોઠવણ તે શાળામાં કરવી જોઇએ. સોળ વર્ષની ઉમ્મર પછી સોળથી અઢાર વર્ષની ઉમ્મર સુધી-બે વર્ષ લગી સ્વદેશનાજ, જન્મભૂમિથી કોઇ દૂરના વિભાગમાં પ્રેકટીકલ નોલેજ-અનુભવ જ્ઞાન સારૂ મોકલવાની જરૂર વિચારવી-ગોઠવણ કરવી. અઢારથી એકવીશ વર્ષની ઉમ્મર સુધી-ત્રણ વર્ષ લગી સ્વદેશપાર;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જન્મભૂમિના દેશથી દૂર-વિદેશ-દરિયા પારની કોઇ અન્યભૂમિમાં તેજ જાતના ઉદ્યોગ હુન્નરના વિશેષ જ્ઞાન માટે ત્યાંની સ્કૂલ, કોલેજ કે કારખાનામાં રહેવા મોકલવાની સહાયતા આપવી. ત્યાંથી અહીં-સ્વદેશમાં આવ્યા પછી એકવીસથી ચોવીસ વર્ષની ઉમ્મર સુધી-ત્રણ વર્ષ સુધીને માટે આ દેશના તેના શિક્ષણ પ્રાપ્ત થયેલા કારખાનામાં ચોક્કસ લવાજમે તેની ગોઠવણ કરવી, તે વેળાથી દંપત્તિ ધર્મનું જ્ઞાન શરૂ કરાવવું. ત્યાર પછી તેને સ્વાતંત્ર્ય-છુટ આપવી. આ સર્વ શિક્ષણક્રમ માટે તેવી શાળાઓના અને તેમાંના અભ્યાસીઓને આદિથી અન્ત સુધીના ઉત્તેજન અર્થે સ્કોલરશીપ તથા ફેલોશીપ સ્થાપવી; વધુ હિમ્મત અને અભ્યાસ ઉત્તેજન અર્થે આરોગ્યતાના મુળ પાઠરૂપ-વીર્ય પરિપકવતાનું સાધન જે બ્રહ્મચર્ય તે પાળવા-પળાવવા માટે વિદ્યાર્થી અવસ્થા સુધી અઢાર, એકવીશ, ને છેલ્લે ચોવીસ-પચીસ વર્ષની ઉમ્મર પર્યંત કૌમાર્યવ્રત પાળનાર, તથા તે સ્થીતિ અનુભવનાર યુવાન વિદ્યાર્થીને સગવડ ઉપરાન્ત અમુક પ્રકારના નાના મોટા પ્રાઇઝ-ઇનામ અને મેડલ-ચાંદ આપવા.

આ ઉપરની શિક્ષણશાળા ને "**દેશોદયશિક્ષણુ શાળા**" એ નામ આપીશું. આથી વિશેષ સુંદર બીજું નામ શોધ્યું પણ મળતું નથી; તેમજ દેશના ઉદય માટે આ પ્રકારની શાળા અને શિક્ષણક્રમ સિવાય અન્ય કશું વિશેષ લાયક શોધ્યું મળવાનું પણ નથી.

**કન્યાશાળા,—**

કન્યાઓ માટે પાઠશાળાઓ જુદી રાખવી. પાંચથી સાત વર્ષની ઉમ્મર સુધી કસરતશાળા તથા ભક્તિપાઠ. ત્યારપછી સાત થી દશ-ત્રણ વર્ષ સુધી માતૃભાષા અને ધર્મ-ભાષા, તે સાથે વ્યવહારોપયોગી સામાન્ય ગણીત તથા નીતિમય બાળ-સ્ત્રી ઉપયોગી ચરિત્રોના પાઠોનું શિક્ષણ. દશથી બાર વર્ષનીવય સુધી શીવણ, ગુંથણ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચિત્રણ, રસોઇ, તે ઉપરાન્ત ભરત વિગેરેનું જ્ઞાન. બારથી પંદર વર્ષની વય સુધી દેશનો વર્તમાન ઇતિહાસ, દેશનું સામાન્ય ભુગોળ જ્ઞાન, સ્ત્રી નીતિધર્મ–આવશ્યક શિક્ષાસૂત્રો, માતૃધર્મ, આરોગ્યતાના નિયમો, માંદાની માવજત વિગેરે પ્રકારનું અમૂલ્ય જ્ઞાન આ મોટી ઉમ્મરે મળવું જોઈએ. આ પ્રકારના સ્ત્રી ઉપયોગી જ્ઞાન પછી સોળમે વર્ષે બ્રહ્મચર્યના નીયમોનું સમજ પૂર્વક જ્ઞાન આપવું. આ ઉપરાન્ત તેજ વર્ષની વયે લગ્ન સંબંધીની જવાબદારીનું અને સ્વધર્મનું જ્ઞાન આપી "સ્વલગ્નમાં સત્તાધિકારી દેવી" તરીકેનું પૂર્ણ ભાન કરાવવું. 'સ્વાશ્રયી લગ્ન' ના ભાનથી પસંદગીના લગ્નનો વિચાર તરતજ ઉત્પન્ન થશે, અને 'ભવિષ્યના જીવન સાથી–પતિ' પરત્વે સ્વધર્મે તથા સ્વશિક્ષિત જ્ઞાન બુદ્ધિવડે પત્નિ તરીકેની જવાબદારી–જોખમદારીનું ભાન ત્યારથી શરૂ થશે. આ ઉપરથી એમ નથી સમજવાનું કે લગ્નની બાબતમાં માતા પિતાની સત્તા યા જવાબદારી ઓછી થઇ જશે. અલબત્ત એટલું તો થશેજ કે અયોગ્ય વસ્તુ વિચારથી તો તે વાત ( જ્ઞાન તથા ભાન ) સદા બીહીવડાવશેજ, અને તે વ્યાજબીજ છે કે તેમ થવુંજ જોઇએ. આ ઉપરાન્ત આ પસંદગીની પૂર્ણતાને માટે જ્ઞાનના સમય સુધી–પંદર સોળ વર્ષ લગી–તદ્દન કૌમાર્ય જીવન રહે એવા ઉપાયો યોજવા, અને તે સારૂ વડિલોને–મુખ્ય કરીને માતાઓને–પુત્રી માતાને, સ્વપુત્રીના ઉત્તમ શિક્ષણ, ને શરિર આરોગ્ય તથા દીર્ઘઆયુષ્ય ઉપરાન્ત ઉત્તમોત્તમ પ્રજોત્પત્તિના લાભાર્થે પક્વ વય સુધી કૌમાર્યજીવનના એટલે પંદર સોળ વર્ષની બાળ વય સુધી બ્રહ્મચર્ય પાળવાના લાભ સમજાવવા અને બની શકે તથા યોગ્ય લાગે તો તેવી કન્યા અને માતાઓને ઉત્તેજન તરીકે ઇનામ વિગેરે સ્કોલરશીપ આપવાના પ્રચાર શરૂ કરવા.

**સ્ત્રીશાળા,—**

માતાઓ તથા પુખ્તવયવાન સ્ત્રીઓ પુત્ર પુત્રીઓના ભલાને માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કળવાયલી હોવી જોઇએ. આ પ્રકારના લાભ સારૂ અજ્ઞાન સ્ત્રી વર્ગને સજ્ઞાન બનાવવા માટે સ્ત્રીશાળાની પણ જરૂર છે. મહાન્ સ્ત્રીઓના જન્મ ચરિત્રોનું તથા ઉદ્યમ ધંધાનું સામાન્ય શિક્ષણ આપવા સાથે પુત્ર પુત્રી પ્રત્યે સ્વમાતાનું માતૃ કર્તવ્ય, પતિ ભક્તિ, આતિથ્ય સેવા, માંદાની માવજત, બાળ સંરક્ષણ અને પોષણ, તથા શરીર આરોગ્યનું સામાન્ય જ્ઞાન અને ધર્મભક્તિ ભાવનું ભાન વિગેરે પ્રકારના ઉપદેશને સરલતાથી સ્ત્રી શિક્ષકોજ સમજાવે તો તેવી અજ્ઞાન તથા પુખ્ત વયની સ્ત્રીઓ પણ સદ્ગુણશાળી બની શકે.

## પુરૂષ પાઠશાળા,—

અજ્ઞાન સ્ત્રીઓને સજ્ઞાન બનાવવાના સાધનભૂત તેવાજ (સજ્ઞાન) પુરૂષોની પણ બહુજ જરૂર રહે છે. આપણામાં તેની પણ મોટે ભાગે ખોટજછે. વર્તમાન સમયની સભા-સમાજો આ કાર્ય ભાષણ શ્રેણીથી પાર પાડી શકે; પરંતુ તેઓનો માર્ગ અન્ય દીશાએ વહન કરતો જાય છે. કરી શકાય તે માત્ર ફ્રી રીડીંગ રૂમ અને ફ્રી પુસ્તકાલય તથા જાહેર ઉપદેશક વક્તાઓના મુખે નિયત કરેલા ભાષણ ગૃહમાં ઇનામી ભાષણશ્રેણી શરૂ કરાવી તેઓને સુધારવાનો માર્ગ લેવાની જરૂર છે, આવા ભાષણથી વાંચનરૂચી વધારીને સ્વધર્મ-ફરજ સમજના સ્વકર્તવ્યમાં લીન થવાની જીજ્ઞાસાવાળા તેઓ બને એજ માત્ર થઇ શકે એવું છે.

## ધોરણ ક્રમ તથા સ્થાન સગવડ—

આવા ઉપરના સર્વ પ્રકારના શિક્ષણ ક્રમ સારૂ ધોરણવાર વાંચન બુકો નવી રચી તૈયાર કરવાની જરૂર છે. ધર્મ અનેનીતિ તથા ઉદ્યમ-એ ત્રણે જ્ઞાનના ધોરણો સંબંધી જૂદી જૂદી બુકો રચવી અને તે પણ કન્યા અને બાળકના શિક્ષણ ક્રમ જૂદા જૂદા રાખી જૂદી જૂદી બુકો રચવી; એજ રીતે માતાઓ તથા પકવ ઉમરની સ્ત્રીઓ માટે પણ નિરાળી વાંચન બુકો રચવી જોઇએ, વળી તે ધોરણોની રચના પણ પ્રાથમીક અને ઔદ્યોગીક એમ બે ભા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગમાં વહેંચી નાંખવી જોઇએ. સ્થાનની બાબતમાં કન્યા અને પકવ વયની સ્ત્રીઓની શિક્ષણશાળા એકજ સ્થળે હોય તો ચાલી શકે. બાળક તથા યુવાનોની શિક્ષણશાળાનું સ્થાન સ્ત્રી જાતથી જુદું અને દૂર જોઇએ. આ દરેક–બન્ને જાતિના શિક્ષણ સ્થાનને લગતા પુસ્તક સંગ્રહશાળા, વાંચનશાળા, ન્યુઝ પેપરરૂમ, વ્યાયામશાળા, ભાષણગૃહ, પ્રાર્થનાગૃહ, લોજીંગ–રહેવાની–રૂમ, બોર્ડીંગ રૂમ–ભોજનગૃહ, પાકશાળા, પ્રાથમિક શિક્ષણગૃહ કે તથા ઔદ્યોગીક શિક્ષણાલય એવા પ્રકારના જુદા જુદા ભાગ વિભાગની સગવડ હોવી જોઇએ. આ સર્વે સગવડ મોટામોટા શહેરોમાંજ બની શકે એવી છે; તોપણ નાના શહેરોમાં પણ જે કંઇ જુજ પ્રમાણમાં થઇ શકે તે પ્રજાકિય વિચાર પ્રમાણે સ્વતંત્ર શિક્ષણ અપાય તો દેશ કે જ્ઞાતિ, કુટુમ્બ કે સ્વજાત, વા પ્રજા કે સંતાન સર્વ કે એક વ્યક્તિ માત્રજ પણ ત્યારેજ ઉન્નત થઇ શકે–જલ્દી થઇ શકે.

આ સાથેજ બને તેટલું દરેક શહેરમાં શાખા બેન્ક અને તે વડેજ સસ્તા ભાડાની ચાલીઓ, ફ્રી સ્વદેશી ઔષધાલય, સ્વદેશી સ્ટોર, સ્વદેશી ઔદ્યોગીક કારખાના, ઓર્ફનેજ–અનાથાલય, ધર્મશાળા, વાંચનશાળા, પુસ્તકાલય, ભાષણગૃહ, વિગેરે ગોઠવણથી પ્રજાનું ભલું કરવું; અને તેજ પોતાનું ભલું સમજવું.

### શિક્ષણ સમય.

ઠંડીની મોસમમાં–કન્યાઓ તથા બાળકોને માટે સવારના નવથી અગીઆર અને બપોરના બેથી ચાર એમ બે હફ્તે માત્ર દિવસનો ચાર કલાકનોજ ટાઇમ પ્રાથમિક શિક્ષણ સમય સુધી લેવો. યુવાનો માટે ઔદ્યોગીક શિક્ષણ સારૂ અગીઆરથી પાંચ અને રાતના આઠથી નવ સુધી. ઉનાળામાં બાળક તથા કન્યાને સવારના આઠથી દસ અને બપોરના ત્રણથી પાંચ પ્રાથમિક શિક્ષણ આપવું; યુવાનોને માટે ઔદ્યોગીક શિક્ષણ સારૂ સાતથી દશ અને ત્રણથી પાંચ તથા રાતના આઠથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નવ સુધીનો વખત રાખવો. એ રીતે પ્રાથમિક શિક્ષણ સારૂ ચાર કલાક અને તે પણ બે હફતે, તથા ઔદ્યોગીક શિક્ષણ સારૂ ઋતુ પ્રમાણે ઠંડી વેળા બે હફતે અને ગરમી વેળા ત્રણ હફતે છ કલાકનું શિક્ષણ આપવું. અઠવાડિક એક દિવસ પાળવો. સ્ત્રી વર્ગ માટે બારથી ત્રણ કલાક લગી અને પુરૂષો માટે રાત્રીના નવથી દશ સુધી એક કલાકનો સમય રાખવો.

## કાર્ય સરલતા તથા સફળતા—

સુપરિણામ માટે બન્ને પ્રકારના શાખા મંડળો-કોન્ફરન્સ અને કોષાધિકારી સલાહકાર-દરેક પ્રાન્ત અને જીલ્લા તથા અનુકુળ શહેરમાં સ્થાપવા જોઇએ. આસપાસના પ્રદેશની સ્થીતિનું અવલોકન કરી દેશ સ્થીતિ તથા દ્રવ્ય વ્યયની આવક જાવક સાથે થતા જતા સુધારાનો રીપોર્ટ બહાર પાડી મુખ્ય મંડળ તરફ મોકલીઆપી લોકરૂચીસંપાદન કરી કુલ રિપોર્ટ પ્રસિદ્ધ કરવાની ફરજ આ મંડળને માથે રહેવી જોઇએ. ખાનગી આસામીના કબજામાં રહેલ ધર્મસ્થાનના દ્રવ્ય ફંડની માહીતી સાથે વીગતો અને અન્ય સ્થાવર તથા જંગમ મીલકતની હકીકત પ્રકટ કરી લોકોમાં જાહેર કરી મુખ્ય મંડળને રીપોર્ટ કરી સહાય આપે, અને સ્વ વિચારના લોકોને તે ( મંડળ ) માં જુજ ફીથી કે ફ્રીથી દાખલ કરી લોકમત કેળવતા જઇ સ્વકર્મ સહેલું કરે એ આ મંડળનું કર્તવ્ય હોવું જોઇએ. વળી લોકહિતના સાર્વજનિક કાર્યો તરફ દ્રષ્ટી કરતા જઇ પોતાના વિચારો દર્શાવતા રહે અને લાભદાયી કાર્યોના ફતેહની પુષ્ટી અર્થે અન્ય જોઇતી સર્વ અનુકુળ સહાય આપે, અને વધારે જરૂર પડે તો મુખ્ય મંડળ તરફથી પણ તેવી સહાય અપાવવા માટે બનતું કરે, તો પછી સર્વ વસ્તુ સહેલ અને નજીક જ છે.

## દ્રષ્ટિગત પરિણામ,—

હવે આ ઉપરથી તો સમજાઇ આવ્યું હશે કે જે કરવાનું છે તે કર્તવ્યરૂપે-પરિણામી-ફળદાયી થવા માટે દ્રવ્યા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધિકારી મંડળના ઉપરજ મોટો આધાર રહે છે; અને કોન્ફરન્સ ને મસ્તકે તો માત્ર ઉપદેશકપણાનુંજ કાર્ય બાકી રહે છે; કે જે ઉપદેશનું કાર્ય બજાવતાં દ્રવ્યની જરૂરીઆત મ્હોટી નથી તેથી પ્રમાણમાં તે સહેલુંજ છે; પરન્તુ આ અહીં તો બન્ને પ્રકારની ( ઉપદેશક અને દ્રવ્યધારી બન્ને ) સત્તાનો ખીચડો વર્તમાન વેળાએ કોન્ફરન્સે પોતાને મસ્તકે ધરી-ઓઢી લીધો છે; જેથી કોન્ફરન્સ સ્વકર્તવ્ય ( ઉપદેશ ) કરી શકતી નથી પણ અન્ય કાર્ય-દ્રવ્યકાર્યમાં માથું મારવા જાય છે એટલે સર્વ કાર્ય-બન્ને કાર્યનું-અને ખાસ કરીને તો પોતાના કાર્યનું 'મહત્વ' પણ ગુમાવી બેઠી છે. આ રીતે આજ સુધી, 'કોન્ફરન્સ' શ્રીમાન લોકોને આવકાર માત્ર દેવામાંજ તમાશગીરના ટોળાના ઠઠારા ઉપરાન્ત બહુ સાર જેવું મેળવી શકી નથી કે દેખાડી શકી નથી. એક નજીવી ટાંકણીના નાનકડા કહેવાતા કારખાનામાં પણ સંખ્યાબંધ લોકોએ ક્રમવારનું કામ સ્વમસ્તકે જૂદું જૂદું વહેંચી લીધેલું હોય છે તોજ તે નજીવું કામ પણ થઇ શકે છે તો આતો આપણા-મનુષ્યના-આવિઉદયની શરૂઆતના આ મહાન્ કાર્યના ક્રમની વહેંચણી તો જેટલી મોડી થશે તેટલું પાછળજ હઠવાનું થશે એ દેખીતુંજ સામાન્ય બુદ્ધિએજ જણાઇ આવે એવું છે.

**કાલ્પનિક શંકા નિવારણ—પ્રશ્ન—**

કોઇ કહી શકશે કે જ્ઞાન વિગેરે સાર્વજનિક ખાતાના રૂપૈયા ધર્મસ્થાનમાં વપરાયા વગર અને છુપેસ્થાને-ખાનગી ગૃહસ્થ પાસે પણ કેટલા પડ્યા છે વા હશે ? અરે ! કોઇ પાસે પણ તેની માહીતી વા નોંધ કે ખાત્રી લાયક ઇસારા સરખી પણ યાદ દાસ્ત છે ? કોઇ પણ કહી શકશે કે દેવ દ્રવ્ય જીર્ણોદ્ધાર તથા તીર્થ રક્ષણ માટે ન વાપરી શકાય ? કોઇ પણ કહી શકશે કે એક મંદિરનું ધન વસ્તુ બીજા સ્થળના મંદિરને ન ખપે ? કોઇ પણ કહી શકે એમ છે કે સાધારણ દ્રવ્યનો તોટો હોય તો શું-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાઈના ગોડીજીના દેરાસરજીનો દેવ દ્રવ્યના છ આના સાધારણ દ્રવ્યમાં વાપરવાનો નીયમ અયોગ્ય ગણાય ? કોઇ કહેશે કે દેવ દ્રવ્યની સલામતી–સાર્વજનિક દ્રવ્યની સલામતી ( જૈન ) એ-ક શિવાય છે ? કોઇ કહેશે કે ઉપરનો માર્ગ ઉન્નત નહિ પણ વિપ-રિત બુદ્ધિએ દર્શાવવામાં આવ્યો છે ? કોઇ પણ કહેશે કે સાતે ખાતાનું દ્રવ્ય સર્વ સ્થળે જુદું જુદું વા એક સત્તા નીચે એક સ્થાનમાં એકઠું કરી બાલાંસ અને વ્યય રહેવા દઇ વ્યય કરવા સારૂ અન્ય દ્રવ્ય માટે યાચના કરતા ફરવામાં લાભ છે ? વળી કોઇ પણ કહેશે કે તે અન્ય દ્રવ્ય યાચનાનો બોજો સામા-ન્ય વર્ગ ઉપર જરાએ નથીજ પડવાનો ? આ પ્રશ્ન અને હકી-કતપરથી કોઇને જરા પણ શંકા રહે એવું છે કે લેખક અ-ગ્રાહ્ય ( દેવ વા સાધારણ સાર્વજનિક ) દ્રવ્યપર ત્રાપ મારવાનું કહે છે ?–કે અયોગ્ય માર્ગે વ્યય કરવાની સૂચના જેવો આ ઉલ્લેખ તલ માત્ર પણ જણાવે છે? અથવા તો લોકમત પણ આ કથનને અયોગ્ય કહી શકે એવો જરા પણ વિપરિત ઉદ્દેશ આ વિષયમાં છે ? આ વિષયમાં ઉદય વિચાર સાથે ધાર્મીક તથા સાર્વજનિક દ્રવ્યની સલામતીનો ઉદ્દેશ નથી જણાતો ? અલબત્ત સંગ્રહિત દ્રવ્યનો વ્યય કરવાની સૂચના તો આમાં છેજ; પણ તે તે યોગ્ય બાબતમાં યોગ્ય જગ્યાએજ કરવામાં આવી છે અને તે તેમજ સમજવું. થોડું દ્રવ્ય પણ સંગ્રહ ક-રેલું પડ્યું રહે ત્યાંસુધી ભિક્ષુકવૃત્તિ કર્યે જવી તે સારા વિચારનું લક્ષણ છે એમ કોઇ પણ કહી શકશેજ નહિ–કદી પણ નહી. વળી એકઠો કરવામાં આવેલો સંગ્રહ પણ સલામત જગ્યાએ હોય તો અડચણ વેળાએ જરૂરની મદદ મળી શકે છે અને લોક વિશ્વાસ ટકી શકે છે. અન્ય વ્યક્તિ શંકા કરે તે પહેલાંજ આટલું નિરાકરણ કરવું યોગ્ય લાગ્યું છે.

સંક્ષેપ સાર—

આ રીતે સાર એજ કે છુટી છુટી વ્યક્તિના ઉદયનો સર-વાળો તેજ સમુહ ઉદય અને સમુહનો ઉદય તેજ વ્યક્તિ માત્રનો ઉદય. આજ રીતે સ્વાર્થ તેજ પરમાર્થ અને પરમાર્થ તેજ સ્વાર્થ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ ઉચ્ચત્તમ હેતુવડે તદ્દન શકય સમજવું. બન્ને પ્રકારના સમુહે સંપથી છુટા થઇ પોતાની ફરજ સંભાળવાની વિશેષ જરૂર છે. તે શિવાય આગેવાનોપર દેશોદય, જ્ઞાતિ ઉદય, અને વ્યક્તિ ઉદયના સંબંધમાં જે જે દોષારોપણ આક્ષેપો ફેંકવામાં આવે છે તે અસત્ય ઠરશે નહિ. દ્રવ્યવાળાએ દ્રવ્ય અને બુદ્ધિવાળાએ બુદ્ધિ વ્યય કરવા શિવાય તત્કાળ અન્ય પ્રકારના ફંડને નામે કે ખર્ચને યા ધર્મને નામે સામાન્ય વર્ગપર બોજો મુકવો તે એક શ્રાપ સમાનજ થઇ પડશે. વર્તમાન સમયે જન્મ પામતા નવા નવા પ્રકારનાં અનેક ફંડો-ફરજયાત વા ધર્મ-કીર્તિને નામે આડમ્બરિક પ્રસિદ્ધ ખર્ચો સામાન્ય વર્ગનેજ નીચોવનારાજ માત્ર ભિક્ષુક ગુલામો બનાવનારા છે તે કોઇથી ના કહી શકાય એમ નથી. દરેક જાહેર જગ્યે કે કોન્ફરન્સ વેળાએ સામાન્ય વર્ગ કે નોકર વર્ગ, વિધવા કે બાળક, ધર્મને નામે ડગ ભરવામાં કે પ્રભુ ભક્તિમાં પણ દ્રવ્ય વ્યયનો કેટલો ભાર વહન કરે છે, તે શ્રીમાન વર્ગે કદી પણ વિચાર્યું હોય એમ લાગતું નથી. ખાત્રીથી કહેવું પડશે કે શ્રીમાનોને તે વિષેનું સ્વપ્નું પણ નથી. સાર એજ કે સાર્વજનિક સ્થળના સર્વ દ્રવ્ય ભંડોળને એકઠું કરી 'દ્રવ્યધારી' તથા 'ઉપદેશક' એમ બે જુદા મંડળોએ નામાર્થમય ફરજ બજાવી લોકહિત માર્ગે વળવું એજ અમારો ઉદય વિચાર હાલ તરત તો દર્શાવી શકે છે. ઇત્યલમ્

A STUDENT

For Private And Personal Use Only